<u>ક્રિમીનલ ઈન્કવાયરી નં.૭૩૧/૨૦૨૫</u>.

## <u>– :: આંક–૧ લગત હુકમ ::–</u>

ફરિયાદ વંચાણે લીધી. ફરિયાદ સાથે રજૂ આંક–૩ ના દસ્તાવેજો ધ્યાને લીધા તથા આંક–૪ નો પોલીસ રિપોર્ટ તથા તે સાથે રજુ ૪/૧ થી ૪/૬ ના પેપર્સ ધ્યાને લીધા. ફરિયાદી તરફે રજૂઆત છે કે, પોલીસે અધૂરી તપાસ કરી છે અને ફરિયાદીના સોગંદનામામાં ફરિયાદીની સહી નથી તેમ છતાં તે સોગંદનામાં આધારે મિલકતમાં હકકો જતાની નોંધ આધારે ફરિયાદીનો મિલકતનો હકક ડુબાડેલ છે. જેથી આરોપી વિરુદ્ધ પ્રોસેસ કાઢવા રજૂઆત ગુજારેલ છે.

આ કામે પોલીસ પેપર્સ સાથે રજુ માર્ક ૪/૨–૧૦ નું સોગંદનામુ ધ્યાને લેતા હાલના ફરિયાદીએ તારીખ ૨૭/૦૬/૨૦૦૩ ના રોજ તેમના પિતા ઘનશ્યામભાઈ ગણપતભાઈની તરફેણમાં પ્લોટ નંબર ૯૯/૧૦ વાળી મિલકતમાં પોતાનો હકક જતો કરવા બાબત નોટરી રૂબરૂ સોગંદનામુ કરી હકક જતો કરેલાનું જણાઈ આવે છે. જે આધારે નોંધ નંબર ૫૬૩ તારીખ ૧૫/૦૭/૨૦૦૩ ના સીટી સર્વેમાં પડેલાનું માર્ક ૪/૨–૧૬ ની નોંધ આધારે જણાઈ આવે છે. જે નોંધ ૨૦૦૩ માં પડેલ હોવા છતાં આજરોજ દિન ફરિયાદીએ કાયદાકીય રીતે પડકારેલ હોવાનું જણાઇ આવતું નથી કે સોગંદનામામાં ખોટી સહી હોવા બાબત કોઈ પુરાવો આ કામે રજૂ નથી. જેથી આરોપીઓએ માર્ક ૪/૨–૧૦ ના સોગંદનામાં ફરિયાદીની સહી કરેલ હોવાની હકીકત બાબત કોઇ પ્રાયમાફેસી પુરાવો ફરિયાદપક્ષે રજુ નથી. વળી ફરિયાદી સિવિલ રાહે આ બાબત સમય મર્યાદાના કાયદાની જોગવાઈ અનુસાર નિયત સમય મર્યાદામાં આરોપીઓ સામે દીવાની કાર્યવાહી કરી શકે અને જે દીવાની કાર્યવાહીમાં માર્ક ૪/૨–૧૦ વાળા સોગંદનામામાં ફરિયાદીની સહી ન હોવાની કે તેમાં હાલના ફરીયાદીની સહી આરોપીઓએ કરેલાની હકીકત રેકર્ડ પર આવે તે સંજોગોમાં જ આરોપીઓ સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવાને કારણ રહે છે. હાલના તબક્કે માર્ક ૪/૨–૧૦ ના સને ૨૦૦૩ ના વર્ષના ફરિયાદીના હકક જતા કરવાના નોટરી સમક્ષના સોગંદનામાં ફરિયાદીની સહી ન હોવાના માત્ર આક્ષેપ આધારે આરોપીઓ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી

કરવાને કોઈ કાયદેસર કારણ જણાતું નથી. જેથી હાલની ફરિયાદમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

ફરિયાદીની હાલની ફરિયાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૬ હેઠળ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી, ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૮/૨૦૨૬

વડોદરા

***(સંજયકુમાર મહેન્દ્રકુમાર મિશ્રા)***

૧૫ માં એડી.ચીફ જયુ. મેજી.

વડોદરા

જજ કોડ નં.જીજે ૦૧૨૪૮